જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૯/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શ્રીગણેશ ઉત્સવ માટેની પરમીટ બાબત :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૧/૧૫</u>**

આગામી તા.૧૭/૯/૧૫ થી તા.૨૭/૯/૧૫ સુધી ગણેશ ઉત્સવની ઉજવણી થનાર છે. ગણેશમુર્તી ની સ્થાપના માટે પરમિટ જે તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે તેમજ સ્થાપનાની જગ્યાએ લાઉડ સ્પીકર વગાડવા માટેની પરમિટ પણ જે તે પોલીસ સ્ટેશન તરફથી આપવામાં આવશે. સરઘસનો રૂટ જો એકજ ઝોન વિસ્તારમાં હોય તો જે પો.સ્ટે.માં સ્થાપના થયેલ છે તે પો.સ્ટે.તરફથી સરઘસ માટેની પરમીટ આપવામાં આવશે. જો સરઘસના રૂટનો સમાવેશ એક ઝોન કરતાં વધારે વિસ્તારમાં થતો હોય તો સરઘસ અંગેની પરમીટ વિશેષશાખા તરફથી આપવામાં આવશે. જે દિવસે અરજદાર તરફથી સ્થાપના અંગેની પરમીટ માટેની સ્થાનિક પો.સ્ટે.માં અરજી કરવામાં આવશે તે જ દિવસે અરજદારે સરઘસ કાઢવા માટેની અરજી પણ ફરજીયાત આપવાની રહેશે.

ગણેશ સ્થાપના તથા વિસર્જનની પરમીટ મેળવવા આયોજકો જ્યારે પોલીસ સ્ટેશને જાય ત્યારે આયોજકોનું તથા જે તે વિસ્તારનાં વર્ચસ્વ ધરાવતી ૧૫ થી ૨૦ વ્યક્તિઓનાં નામ-સરનામા આપવાનાં રહેશે તથા રૂટ અને સાબરમતી નદીનાં ઓવારાના તથા મ્યુનિ.કોર્પો. દ્વારા તૈયાર કરવામાં આવનાર પવિત્ર મુર્તિ વિસર્જન કુંડનાં સ્થળનાં નામ આપવાનાં રહેશે.

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૨/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી અને ૧૮ વ્યક્તિઓને ઝડપી ૧૭૪ લીટર દેશી દારૂ, ૦૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી ૩૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૩૫,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૩/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>દુષ્પ્રેરણ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૦૪/૧૫</u>**

**ઓઢવ :** જીતુભાઇ નટવરભાઇ દંતાણી (રહે.ધુપસિંહની ચાલી, ચમનપુરા રોડ, મેઘાણીનગર) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની બહેન આશાબહેન સંજયભાઇ દંતાણી (ઉ.વ.૧૯) (રહે.સુંદરસિંગ ભંડારી, ચાર માળીયા વેપારી મહામંડળની પાછળ, ઓઢવ) ને તેના સાસુ, સસરા અને જેઠ દ્વારા સંતાન ન હોવા બાબતે માનશીક અને શારીરીક ત્રાસ અપાતાં, તા.૫/૯/૧૫ રાતના ૮/૩૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન આશાબહેને પોતાના ઓઢવ ખાતેની સાસરીનાં મકાનમાં સાડી વડે ગળેફાંસો ખાઇ, આત્મહત્યા કરી લીધી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.નિમાવત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૮૦૫/૧૫**

**સરખેજ :-** હસમુખભાઇ જોઇતારામ પટેલ (રહે.સોમ્ય રેસીડન્સી, અવધ બંગ્લોઝની પાછળ, સાયન્સ સીટી રોડ) એ તા.૬/૯/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૮/૧૫ થી તા.૨૧/૮/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન હસમુખભાઇને વિશ્વાસમાં લઇ આરોપી અમિત ગુપ્તા (રહે.એકતા એપાર્ટમેન્ટ, પશ્ચીમ વિહાર, ન્યુ દિલ્હી) હસમુખભાઇની એસ.જી.હાઇ-વે, દિવ્યભાસ્કર પ્રેસ પાછળ, અભીજ્યોત સ્કવેર ખાતે આવેલ સીલ્કટચ વીટરીફાઇડની ઓફીસ ખાતેથી પોતાની કંપનીનાં ડીલરોને થાઇલેન્ડની ટુર માટે કુલ ૨૨૫ વ્યક્તિઓની એરટીકીટ અને વ્યવસ્થા પેટે કુલ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- મેળવી, તે પૈકી કુલ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- ની ૧૫૮ ટિકીટ નહીં આપી, વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦૬/૧૫**

**ઘાટલોડીયા :** લીલાબહેન યશવંતભાઇ પટેલ (ઉ.વ.૭૦)(રહે, ઉમિયા સોસાયટી, IOC કોલોની રોડ, વિરમગામ જી.અમદાવાદ) તા.૬/૯/૧૫ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે ઘાટલોડીયા ચાણક્યપુરી બ્રીજ પાસે ખાવડવાળા સોસાયટીનાં ગેટ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ લીલાબહેનનાં ગળામાથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લીલાબહેન પટેલે ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન બારીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૦૭/૧૫**

**પાલડી :-** જગદીશભાઇ છગનભાઇ સાગઠીયા (ઉ.વ.૪૩)(રહે.વસંતકુંજનાં છાપરાં, સુખીપુરાનાં છાપરાં, હિરાબાગ ક્રોસીંગ પાસે, પાલડી) એ કોઇ કારણસર તા.૬/૯/૧૫ ના કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોંધી ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી વિક્રમસિંહ નટવરસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)